જીભ મીઠાશથી થાકે છે...
પણ ક્યારે કાન થાકતા
નથી
- મનુ સ્મૃતિ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર



Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૫૮ | ૧૯ ઓગષ્ટ, ૨૦૧૩, સોમવાર; શ્રાવણ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## શહેરમાં ડેન્ગ્યુથી એકનું મોત

### સે. ૨માં રહેતા આઈ.પી.એસ. અધિકારી રાહુલ શર્માના પત્નીનું અવસાન ડેન્ગ્યુથી થતાં આરોગ્યતંત્રમાં હડકંપ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં આજે ડેન્ગ્યુને કારણે શ્રીમતિ સુનીતા શર્માનું અવસાન થતાં આરોગ્યતંત્રએ આંચકો અનુભવ્યો છે અને શહેરમાં એન્ટી લારવેલની કામગીરી સઘન બનાવવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ શ્રીમતિ સુનીતા રાહુલ શર્મા સે. ૨-ડીમાં રહે છે. ગત તા. ૧૪મીના રોજ તેમને ડેન્ગ્યુ પોઝીટીવ જણાયો હતો. આથી તેમને તાત્કાલિક અમદાવાદની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં ગઈકાલે રાત્રે ૧.૩૦ના સુમારે તેમનું દેહાવસાન થયું છે.

શ્રીમતિ શર્મા રાજયના આઈ.પી.એસ. અધિકારી શ્રી રાહુલ શર્માના પત્ની છે. તેઓ અમદાવાદ ખાતે એક કેળવણી સંસ્થા સાથે સંકળાયેલા હતા. શ્રીમતિ શર્માની આજે ગાંધીનગર ખાતે નીકળેલી અંતિમ યાત્રામાં અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

ગાંધીનગર શહેરમાં સતત વરસાદી અને ભેજનું વાતાવરણ છવાયેલુ રહેતાં વાહકજન્ય રોગચાળો ફેલાવતા મચ્છરોની ઉત્પત્તિ માટેનું સાનુકૂળ વાતાવરણ ઉભુ થયું છે. તંત્રએ મેલેરિયા અને ડેન્ગ્યુ અંગે લોક-જાગૃતિના જુદા જુદા કાર્યક્રમોનું પણ આયોજન કર્યુ હતું.

શહેરમાં હાલ પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના સૂત્રો જણાવી રહ્યા છે. જો કે મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે હાલ ગાંધીનગરની સરકારી તથા ખાનગી હોસ્પિટલોમાં વાહકજન્ય રોગચાળાના દર્દીઓની સંખ્યા મોટી જોવા મળી રહી છે.

શહેરમાં મચ્છરોના ઉત્પત્તિ સ્થાનોને નાથવા માટે શંકાસ્પદ જણાતા કેસોના દર્દીઓને ત્યાં એન્ટી લારવેલની કામગીરી કરવામાં આવે છે. તેમજ કન્સ્ટ્રક્શન સાઈટોના સંચાલકોને પણ તાકીદ કરવામાં આવી છે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળાએ ભારે માથુ ઉંચક્યુ છે. ગ્રામ્ય વિસ્તારમાં કમળાના કેસો પણ વધુ નોંધાઈ રહ્યા હોવાનું જાણવા મળેલ છે. તો શહેરમાં વાહકજન્ય રોગચાળાના કેસો વધુ મળી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટે નાંખવામાં આવેલ સ્ટ્રોમ લાઈનની સફાઈને લઈ તાજેતરમાં જ જિલ્લા કલેક્ટરશ્રીએ તંત્રને તોકીદ કરી હતી. આ ઉપરાંત શહેરમાં ૪૦ જેટલા સ્થળો પર વોટરલોંગીગ અંગે તાકીદે પગલાં લેવા માટે પણ તંત્રને જણાવ્યું હતું તે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળામાં ડેન્ગ્યુ ઉપરાંત ચિકનગુનિયાના કેસો પણ જોવા મળી રહ્યા છે. ક્લીનીકલી ઈન્વેસ્ટીગેશનમાં ચિકનગુનિયા જેવા લક્ષણોની ફરિયાદ કરતા દર્દીઓમાં મેલેરિયા ડેન્ગ્યુ નેગેટીવ આવતા હોવાનું પણ જણાયુ છે ત્યારે આવો વાયરલ હોવાની તબીબી વર્તુળોમાં ચર્ચા ચાલી રહી છે.



રાષ્ટ્રીય સમૂહગાન - બાળકોમાં રાષ્ટ્રભક્તિ જાગે અને સ્વતંત્ર ભારત પરત્વેનું મમત્વ વધે એ હેતુથી સ્વાતંત્ર્ય દિનની આસપાસ યોજાતી રાષ્ટ્રગાન સ્પર્ધા નગરના જનજીવનમાં અનોખું આકર્ષણ જન્માવે છે. ગાંધીનગરની શાળાઓ પણ મોટી સંખ્યામાં ભાગ લઈ તંદુરસ્ત વાતાવરણ નિર્માણ કરે છે એ નગરનું સમાજ જીવનનું જમા પાસું છે... ભારત વિકાસ પરિષદ, ગાંધીનગર શાખા દ્વારા આંતરશાળા રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા ટાઉનહોલમાં યોજાઈ હતી જેમાં શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ દેશભક્તિના સૂર અને તાલમાં રજૂ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા... (તસવીર : કશ્યપ નિમાવત)

## સતત વરસાદી માહોલથી ખેતીમાં ૩૦ ટકા નુકશાનનો ભય

### કપાસ અને વેલાવાળા શાકભાજીના પાકોમાં નુકશાનીનો અંદાજ; ખેડૂતો ચિંતાતુર

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લામાં સતત છવાયેલા રહેલા વરસાદી માહોલને પગલે કૃષિમાં ૩૦ ટકા નુકશાનનો ભય ખેડૂતોને ઉત્પાદનમાં થશે તેવા અંદાજોથી ખેડૂતો ચિંતાતુર બન્યા છે.

જિલ્લામાં ખાસ કરીને કપાસ તેમજ વેલાવાળા શાભાજીના પાકોમાં નુકશાનનો અંદાજ સેવાઈ રહ્યો છે. કેટલાક વિસ્તારોમાં નિંદણનાશક દવાઓના આડેધડ ઉપયોગને લઈ પણ પાક ઉત્પાદન પર વિપરીત અસરો થવાનો ભય ઉભો થયો છે.

સતત વરસાદી માહોલ છવાયેલો રહ્યો હોવાથી કપાસના પાકમાં નિંદામણ થવું જોઈએ તે થયું નથી. આ ઉપરાંત હજુ પણ કપાસના પાકને જિંડવા કે ફુલ દેખાતા ન હોવાથી ખેડૂતો ચિંતાતુર બન્યા છે.

ખેડૂત અગ્રણી શ્રી શાંતિભાઈ પટેલને પૂછતાં તેમણે જણાવ્યું હતું કે કપાસના પાકમાં જયાં નિચાણવાળો વિસ્તાર છે ત્યાં પાણી ભરાઈ રહેવાથી કહોવાટ દેખાઈ રહ્યો છે. આ ઉપરાંત પાક માટે જે વરાપ મળવો જોઈએ તે મળ્યો ન હોવાથી પાકમાં સામાન્યતઃ ૩૦ ટકા જેટલું નુકશાન થવાનો અંદાજ આજે છે અને જો આવું જ વાતાવરણ હજુ યથાવત રહે તો આ નુકશાનીનો અંદાજ વધી શકે છે.

તેમણે જણાવ્યું હતું કે વેલાવાળા શાકભાજીમાં પણ નુકશાન સહન કરવાનું ખેડૂતોને થયું છે.

ગાંધીનગર જિલ્લામાં વરસાદના નિયમિત ઝાપટા નોંધાઈ રહ્યા છે અને હવે પાકની સ્થિતિ ધીરે ધીરે બગડવાનો પ્રારંભ થતાં ખેડૂતો ચિંતાતુર બન્યા છે.

દરમિયાન ગાંધીનગર જિલ્લામાં ચોમાસાની સિઝનમાં અત્યાર સુધીમાં ૯૦ ટકા જેટલો વરસાદ થઈ ચુકયો છે. સૌથી વધારે વરસાદ માણસા તાલુકામાં ૧૦૬ ટકા જેટલો નોંધાયો છે જયારે આ પછી દહેગામ અને કલોલ તાલુકો આવે છે જયારે ગાંધીનગરમાં મોસમનો ૭૦ ટકા જેટલો વરસાદ નોંધાયો છે.

## રાજ્યમાં૧૩મી સપ્ટેમ્બરથી ૨૬ જિલ્લાઓમાં ૧૧૯ ગરીબ કલ્યાણ મેળાઓ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

રાજ્યના ૨૬ જિલ્લાઓમાં આગામી ૧૩મી સપ્ટેમ્બર-૨૦૧૩ થી ૨૯મી સપ્ટેમ્બર સુધી ગરીબ કલ્યાણ મેળાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવશે.

સાત વર્ષથી રાજ્યમાં દર વર્ષે ગરીબ કલ્યાણ મેળાના કાર્યક્રમ યોજવામાં આવે છે.

આ વર્ષે પણ રાજ્ય સરકાર દ્વારા આગામી ૧૩મી સપ્ટેમ્બર-૨૦૧૩થી ૨૯મી સપમટેમ્બર સુધી

### ગરીબ કલ્યાણ મેળાની તારીજ

રાજ્યમાં યોજાનાર ગરીબ કલ્યાણ મેળાના કાર્યક્રમની વિગત આ પ્રમાણે છે

| તારીખ | મેળાની સંખ્યા | પ્રાંત | તાલુકા | ન.પા. | મ.ન.પા. | જિલ્લા |
|---|---|---|---|---|---|---|
| ૧૩-૯-૨૦૧૩ | ૨૬ | ૨૫ | ૫૪ | ૩૫ | ૦૧ | ૨૫ |
| ૧૪-૯-૨૦૧૩ | ૨૪ | ૨૪ | ૪૭ | ૪૧ | - | ૨૪ |
| ૨૦-૯-૨૦૧૩ | ૧૯ | ૧૯ | ૩૮ | ૨૩ | - | ૧૯ |
| ૨૧-૯-૨૦૧૩ | ૧૯ | ૧૯ | ૪૦ | ૩૦ | - | ૧૯ |
| ૨૭-૯-૨૦૧૩ | ૧૮ | ૧૧ | ૨૩ | ૧૪ | ૦૭ | ૧૧ |
| ૨૮-૯-૨૦૧૩ | ૧૦ | ૦૬ | ૧૪ | ૧૧ | ૦૪ | ૦૭ |
| ૨૯-૯-૨૦૧૩ | ૦૩ | ૦૩ | ૦૭ | ૦૫ | - | ૦૨ |
| કુલ | ૧૧૯ | ૧૦૭ | ૨૨૩ | ૧૫૯ | ૦૮ | ૨૬ |

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા અમલમાં મુકવામાં આવેલી પ્રજાલક્ષી યોજનાઓ અંતર્ગત લાભાર્થીઓને યોજનાના લાભો ઘરે બેઠા મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ગરીબ કલ્યાણ મેળાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ વખતે ચાર ઝોન પાડી દેવામાં આવ્યા છે જેમાં કચ્છ ઉત્તર ગુજરાત, મધ્ય-પૂર્વ ગુજરાત સૌરાષ્ટ્ર અને દિક્ષિણ ગુજરાત એમ કુલ ચાર ઝોન બનાવવામાં આવ્યા છે.

આ ગરીબ કલ્યાણ મેળા દરમ્યાન વિવિધ યોજનાઓ અંતર્ગત લાભાર્થીઓને સહાયના ચેકો સાધન ઓઝારોની કીટો સહીતની સહાયનું વિતરણ કરવામાં આવે છે. લાભાર્થીઓને આ યોજનાનો સીધોજ લાભ મળે તે માટે રાજ્ય સરકાર દ્વારા આ ગરીબ કલ્યાણ મેળાઓ યોજવામાં આવે છે. ગરીબ કલ્યાણ મેળા સપ્તાહમાં બે દિવસ શુક્રવાર અને શનિવારના યોજાશે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ વખતે ગરીબ કલ્યાણ મેળાઓ તાલુકાના મુખ્ય મથકો ખાતે યોજવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત ગરીબ કલ્યાણ મેળાઓ બે તબક્કામાં યોજાનાર છે. જેમાં પ્રથમ તબક્કામાં ગ્રામીણ વિસ્તારમાં અને બીજા તબક્કામાં શહેરી વિસ્તારમાં યોજવામાં આવશે.




## સરકારી મેડીકલમાં ઓપન કેટેગરીમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ

અમદાવાદ,તા. ૧૮

સરકારી મેડીકલ કોલેજોમાં ઓપન કેટેગરીમાં પ્રવેશ માટેની પ્રક્રિયા પરિપૂર્ણ થઈ ચુકી છે. બીજે મેડીકલ કોલેજમાં હાઈએસ્ટ મેરીટ કટઓપનો આંકડો નોંધાયો છે. બીજે મેડીકલ કોલેજમાં હાઈએસ્ટ મેરીટ કટઓપની ટકાવારી ૯૧.૨૫ ટકા નોંધાઈ છે. જ્યારે ગયા વર્ષે સીવીલ હોસ્પિટલમાં આવેલી આ કોલેજમાં પ્રવેશવેળા ૯૧.૯૨ ટકાએ પ્રવેશ અટક્યો હતો. મેરીટ માર્કનો આંકડો ગયા વર્ષે ૯૧.૯૨ ટકા રહ્યો હતો. આનો મતલબ એ થયો કે, આમાં નજીવો ઘટાડો થયો છે. ભાવનગર સરકારી મેડીકલ કોલેજ છેલ્લા સ્થાન પર રહી છે. સરકારી મેડીકલ કોલેજોના મામલામાં ભાવનગર મેડીકલ કોલેજ અંતિમ સ્થાને રહેવા માટે કટઓપ ટકાવારી રહી છે. અહીં પ્રવેશ ૮૫.૮૩ ટકાએ અટક્યો છે. ગયા વર્ષે અહીં પ્રવેશ ૮૬.૩૫ ટકાએ બંધ રહ્યો હતો. એસસી કેટેગરી માટે મેડીકલ અને ડેન્ટલ કોર્સમાં પ્રવેશ પ્રક્રિયા પરીપૂર્ણ કરી લેવામાં આવી છે.







